ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

તારીખ: ૧૮-૦૨-૨૦૨૫

પ્રતિ
તમામ આચાર્યશ્રીઓ/વિભાગીય વડાશ્રીઓ,
ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન સરકારી-બિન સરકારી અનુદાનિત/સ્વનિર્ભર કોલેજો તેમજ યુનિવર્સિટી ભવનો.

**વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫નાં બીજા સત્રની પ્રવેશ પ્રક્રિયા બાબત**

UGCની ગાઈડ લાઇન્સ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી UG અને PG સ્તરે વર્ષમાં બે વખત પ્રવેશની પ્રક્રિયા શરુ કરવા જઈ રહી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ની સેમેસ્ટર-Iની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલ બેઠકો પર પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓ સીધો બીજા સત્રમાં પ્રવેશ મેળવી શકશે. પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓ નીચે દર્શાવેલ પ્રક્રિયા પ્રમાણે અરજી કરી શકશે, કોલેજ / ભાવનો તેમની ચકાસણી કર્યા બાદ ખાલી રહેલ બેઠકો માટે જ નિયમોનુસાર કાર્યવાહી કરીને UG/PGના સેમેસ્ટર-IIમાં પ્રવેશ આપી શકાશે. આ વિદ્યાર્થીઓનો અભ્યાસ પ્રથમ વર્ષે સેમેસ્ટર-II તથા સેમેસ્ટર-I, બીજા વર્ષ સેમેસ્ટર-IV તથા સેમેસ્ટર-III, અને ત્રીજા વર્ષે સેમેસ્ટર-VI તથા સેમેસ્ટર-V પ્રમાણે રહેશે, ઉપરાંત જેને ચાર વર્ષનો અભ્યાસક્રમ હોય તો ચોથા વર્ષ માટે સેમેસ્ટર-VIII તથા સેમેસ્ટર-VII, એજ પ્રમાણે PGમાં સેમેસ્ટરનો ક્રમ રહેશે.

આથી પ્રત્યેક કોલેજોએ ઉપરોક્ત પ્રક્રિયાનો ખ્યાલ રાખીને યુનિવર્સિટીના દિશા-નિર્દેશ અને સમયપત્રક મુજબ પ્રવેશની કાર્યવાહી કરવાની રહેશે, વર્ષમાં બે વખત પ્રવેશ પ્રક્રિયા કરવાથી વિદ્યાર્થીઓ પોતાની અન્ય પરિસ્થિતિઓને કારણે વર્ષની મધ્યથી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઇ શકશે, અને પોતાનો અભ્યાસ કરી શકશે.

જે તે કોલેજ / વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી અને ખાલી બેઠકોને આધારે સેમ-IIની નીચે મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

1. **વિદ્યાર્થીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન - લિંક https://gcas.gujgov.edu.in (તા: ૨૦/૦૨/૨૦૨૫ થી ૨૪/૦૨/૨૦૨૫)**
2. **વિદ્યાર્થીઓએ યાદીમાં દર્શાવેલ તેમની પસંદગીની કોલેજ-કોર્સમાં અરજી ફોર્મની હાર્ડ કોપી જમા કરવાની રહેશે. (તા: ૨૧/૦૨/૨૦૨૫ થી ૨૫/૦૨/૨૦૨૫)**
3. **કોલેજોએ વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારીને ચકાસણી કર્યા બાદ મેરિટના આધારે GCAS Portal પર ઓનલાઈન પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. (તા: ૨૭/૦૨/૨૦૨૫)**

SD
ગુજરાત યુનિવર્સિટી

બિડાણ : કોર્સ - કોલેજ પ્રમાણેની યાદી.